# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

મધ્યસ્થ કચેરી, મધ્યસ્થ યંત્રાલય કમ્પાઉન્ડ,

નરોડા પાટીયા, અમદાવાદ

---

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા મીકેનીક સાઇડમાં **આર્ટ-બી** કક્ષામાં નીચે જણાવેલ ટ્રેડની જગ્યાઓ ભરવા ઉમેદવારો પસંદ કરવા માટે ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.gujarat.gov.in પર તારીખ ૨૧/૪/૨૦૧૬ થી તારીખ ૨૦/૫/૨૦૧૬ સુધી ઓનલાઇન અરજી કરી શકશે. ઉમેદવારે જેમાં photo ૧૦ KB અને signature ૧૦ KB સાઇઝથી વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો થશે.

**કક્ષાનું નામ** :- **આર્ટ- બી** ( નીચે જણાવેલ ટ્રેડ )

**ફીકસ પગાર** :- **પાંચ વર્ષ માટે માસીક રૂ. ૭૮૦૦/-**

**વયમર્યાદા** :- **૧૮ થી ૩૫ વર્ષ**

૧. આર્ટ. બી બોડી ફીટર

- કુલ જગ્યાઓ :- ૩૮

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૧ | ૨ | ૪ | - | - | ૧ | ૨ | - | - | - | ૧૦ |
| અગાઉની ઘટ | - | ૪ | ૯ | ૧૩ | - | - | - | ૨ | - | - | ૨૮ |
| કુલ | ૧ | ૬ | ૧૩ | ૧૩ | - | ૧ | ૨ | ૨ | - | - | ૩૮ |

- **<u>શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત</u>**

| | |
|---|---|
| ૧. લઘુત્તમ લાયકાત | • સરકાર માન્ય આઇ.ટી.આઇ.નો મોટર વ્હીકલ બોડી બિલ્ડીંગ **અથવા** શીટ મેટલ વર્કર **અથવા** ઓટોમોબાઇલ બોડી રીપેરરનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.<br>• વેલીડ એચ.પી.વી./ એચ.ટી.વી. લાયસન્સ ( નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.) |
| ૨. અગ્રતા માટેની વધારાની લાયકાત | • માન્ય યુનિ. / પોલીટેકનીકનો ડિપ્લોમાં ઇન મીકેનીકલ **અથવા** ઓટોમોબાઇલ **અથવા** ઇન્ડસ્ટ્રીયલ **અથવા** પ્રોડકશન **અથવા** મેકાટોનીક્સ એન્જીનીયરીંગનો કોર્ષ |

## ૨. <u>આર્ટ. બી ટાયર ફીટર</u>

- **<u>કુલ જગ્યાઓ</u> :- ૦૨**

| | **પુરૂષો માટે** | | | | **મહિલાઓ માટે** | | | | **કુલ જગ્યાઓ પૈકી અનામત** | | **કુલ જગ્યાઓ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| અગાઉની ઘટ | - | - | ૦૨ | - | - | - | - | - | - | - | ૦૨ |

- **<u>શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત</u>**

| | |
|---|---|
| ૧. લઘુત્તમ લાયકાત | • સરકાર માન્ય આઇ.ટી.આઇ.નો મીકેનીક મોટર વ્હીકલ **અથવા** મીકેનીક ડીઝલ **અથવા** જનરલ મીકેનીકનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.<br>• વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ ( નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.) |
| ૨. અગ્રતા માટેની વધારાની લાયકાત | • માન્ય યુનિ. / પોલીટેકનીકનો ડિપ્લોમાં ઇન મીકેનીકલ **અથવા** ઓટોમોબાઇલ **અથવા** ઇન્ડસ્ટ્રીયલ **અથવા** પ્રોડકશન **અથવા** મેકાટોનીક્સ એન્જીનીયરીંગનો કોર્ષ |

## ૩. આર્ટ. બી ટીનસ્મીથ / વેલ્ડર

- **કુલ જગ્યાઓ** :- ૦૨

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| અગાઉની ઘટ | - | - | - | ૦૨ | - | - | - | - | - | - | ૦૨ |

- **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત**

| | |
|---|---|
| ૧. લઘુત્તમ લાયકાત | • સરકાર માન્ય આઇ.ટી.આઇ.નો વેલ્ડર **અથવા** વેલ્ડર કમ ફેબ્રીકેટર **અથવા** વેલ્ડર (ગેસ અને ઇલેક્ટ્રીક) **અથવા** ફેબ્રીકેશનનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.<br>• વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ ( નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.) |
| ૨. અગ્રતા માટેની વધારાની લાયકાત | • માન્ય યુનિ. / પોલીટેકનીકનો ડીપ્લોમા મીકેનીકલ **અથવા** ઓટોમોબાઇલ **અથવા** ઇન્ડસ્ટ્રીયલ **અથવા** પ્રોડકશન **અથવા** મેકાટોનીક્સ એન્જીનીયરીંગનો કોર્ષ |

## ૪. આર્ટ. બી બ્લેક સ્મીથ

- **કુલ જગ્યાઓ** :- ૦૫

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| અગાઉની ઘટ | - | ૨ | ૨ | ૧ | - | - | - | - | - | - | ૦૫ |

- **<u>શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત</u>**

| | |
|---|---|
| ૧. લઘુત્તમ લાયકાત | • સરકાર માન્ય આઇ.ટી.આઇ.નો વેલ્ડર **અથવા** વેલ્ડર કમ ફેબ્રીકેટર **અથવા** વેલ્ડર (ગેસ અને ઇલેક્ટ્રીક) **અથવા** ફેબ્રીકેશનનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.<br>• વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ ( નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.) |
| ૨. અગ્રતા માટેની વધારાની લાયકાત | • માન્ય યુનિ. / પોલીટેકનીકનો ડીપ્લોમા ઇન મીકેનીકલ **અથવા** ઓટોમોબાઇલ **અથવા** ઇન્ડસ્ટ્રીયલ **અથવા** પ્રોડકશન **અથવા** મેકાટોનીક્સ એન્જીનીયરીંગનો કોર્ષ |

## ૫. <u>આર્ટ. બી વલ્કેનાઇઝર</u>

- **<u>કુલ જગ્યાઓ</u> :- ૦૩**

| | **પુરૂષો માટે** | | | | **મહિલાઓ માટે** | | | | **કુલ જગ્યાઓ પૈકી અનામત** | | **કુલ જગ્યાઓ** |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | ૦૩ |

- **<u>શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત</u>**

| | |
|---|---|
| ૧. લઘુત્તમ લાયકાત | • સરકાર માન્ય આઇ.ટી.આઇ.નો મીકેનીક મોટર વ્હીકલ **અથવા** મીકેનીક ડીઝલ **અથવા** જનરલ મીકેનીકનો ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.<br>• વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ ( નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.) |
| ૨. અગ્રતા માટેની વધારાની લાયકાત | • માન્ય યુનિ. / પોલીટેકનીકનો ડીપ્લોમા ઇન મીકેનીકલ **અથવા** ઓટોમોબાઇલ **અથવા** ઇન્ડસ્ટ્રીયલ **અથવા** પ્રોડકશન **અથવા** મેકાટોનીક્સ એન્જીનીયરીંગનો કોર્ષ |

## ૬. આર્ટ. બી બેન્ચ ફીટર

- **કુલ જગ્યાઓ :- ૦૧**

| | પુરૂષો માટે | | | | મહિલાઓ માટે | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ. પ. | અન્ય | માજી સૈનિક | શારિરીક વિકલાંગ | |
| ફાળવણી | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૦૧ |

- **શૈક્ષણિક તેમજ અન્ય લાયકાત**

| | |
|---|---|
| ૧. લઘુત્તમ લાયકાત | • સરકાર માન્ય આઇ.ટી.આઇ.નો **ફીટરનો** ઓછામાં ઓછો એક વર્ષનો કોર્ષ.<br>• વેલીડ એચ.પી.વી./એચ.ટી.વી. લાયસન્સ ( નિમણુંક થયેથી બે વર્ષમાં મેળવી લેવાનું રહેશે.) |
| ૨. અગ્રતા માટેની વધારાની લાયકાત | • માન્ય યુનિ. / પોલીટેકનીક નો ડીપ્લોમા ઇન મીકેનીકલ **અથવા** ઓટોમોબાઇલ **અથવા** ઇન્ડસ્ટ્રીયલ **અથવા** પ્રોડકશન **અથવા** મેકાટોનીક્સ એન્જીનીયરીંગનો કોર્ષ |

**સીધી ભરતીની પ્રક્રીયા માટે નિયત કરેલ વેઇટેજ ગુણ**

**૧. શૈક્ષણિક લાયકાત માટેના વેઇટેજ ગુણ :- ૭૦ ગુણ**

**(અ) લઘુત્તમ લાયકાત માટે વેઇટેજ ગુણ :- ૫૫ ગુણ**

( આઇ.ટી.આઇ. પાસમાં મેળવેલ ટકાવારીના પ્રમાણસર )

**(બ) અગ્રતા માટેની લાયકાતના વેઇટેજ ગુણ :- ૧૫ ગુણ**

( ડીપ્લોમા પાસમાં મેળવેલ ટકાવારીના પ્રમાણસર )

- લઘુતમ તેમજ અગ્રતા માટેની વધારાની શૈક્ષણિક લાયકાતો પૈકી ઉમેદવાર પાસે એક કરતા વધારે શૈક્ષણિક લાયકાત હોય તો દરેકમાં પોતાને ફાયદાકારક હોય તેવી કોઇપણ એક લાયકાત અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. જેમાં પાછળથી ફેરફારને કોઇ અવકાશ રહેશે નહી..
- ઉમેદવાર એક કરતા વધારે ટ્રેડની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને દરેકમાં ઉમેદવારી કરવા માંગતા હોય તો તે અંગે અલગ અલગ અરજીપત્રકો ભરવાના રહેશે.

## ૨. O.M.R. પધ્ધતીથી હેતુલક્ષી લેખિત પરીક્ષા :- <u>૧૦૦ ગુણ</u>

- **લેખિત પરીક્ષા : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (O.M.R) :** **સમય:- ૨:૦૦ કલાક**

| | | |
|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન / ગુજરાતનો ઇતિહાસ / ભુગોળ / ગુજરાતના વર્તમાન બનાવો (ધો.૧૦ કક્ષાનું) | ૩૦ ગુણ |
| ૨ | ગુજરાતી વ્યાકરણ (ધો.૧૦ કક્ષાનું) | ૦૫ ગુણ |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ (ધો.૧૦ કક્ષાનું) | ૦૫ ગુણ |
| ૪ | લાયકાતના વિષય વસ્તુને લગતા પ્રશ્નો | ૫૦ ગુણ |
| ૫ | કોમ્પ્યુટરના ઉપયોગના પાયાની જાણકારીના પ્રશ્નો | ૧૦ ગુણ |
| | કુલ | ૧૦૦ ગુણ |

## ૩. કોમ્પ્યુટર કાર્યક્ષમતા માટેની પરીક્ષા :- <u>૫૦ ગુણ</u>

- **કોમ્પ્યુટર કાર્યક્ષમતાની કસોટી :** **સમય:- ૫૦ મીનીટ**

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાતી ટાઇપીંગની કસોટી | ૧૦ ગુણ |
| ૨ | અંગ્રેજી ટાઇપીંગની કસોટી | ૧૦ ગુણ |
| ૩ | કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી | ૩૦ ગુણ |

**નોંધઃ- અ.નં. ૨ માં દર્શાવેલ O.M.R. હેતુલક્ષી લેખીત પરીક્ષા અને અ.નં. ૩ માં દર્શાવેલ કોમ્પ્યુટર કાર્યક્ષમતાની પરીક્ષા એમ બંને પરીક્ષાઓમાં મેળવેલ કુલ ગુણના ૩૦% પ્રમાણે વેઇટેજ ગુણ ગણવામાં આવશે.**

- **શૈક્ષણિક લાયકાતોના ૭૦ ગુણમાંથી મેળવેલ વેઇટેજ ગુણ અને લેખીત / કોમ્પ્યુટરની પરીક્ષાઓમાં મેળવેલ ૩૦% પ્રમાણેના વેઇટેજ ગુણ એમ બન્ને ગુણના કુલ સરવાળાના આધારે મેરીટયાદી બનાવવામાં આવશે.**

## આવશ્યક સુચનાઓ:

૧. પસંદગી પામનાર ઉમેદવારની નિગમના કોઇ પણ વિભાગ / એકમ ખાતે નિમણૂંક કરવામાં આવશે અને તેઓ જે તે નિમણૂંકના વિભાગની પસંદગી યાદીના ગણાશે તેમજ તેઓએ નિમણૂંકના વિભાગ ખાતે ઓછામાં ઓછી ૫ (પાંચ) વર્ષ ફરજ બજાવવાની રહેશે અને ત્યાં સુધી અન્ય વિભાગ ખાતે બદલીને પાત્ર થશે નહી .તેમ છતાં વહીવટી કારણોસર બદલી કરવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે .ઉમેદવાર નિમણૂંક સમયે આ સિવાય પોતાના વતનના અથવા અન્ય જીલ્લાના વિભાગમાં નિમણૂંક મેળવવા હક્કદાવો કરી શકશે નહી.

૨. પસંદગી પામનાર ઉમેદવારોને આ કક્ષામાં પાંચ વર્ષ માટે માસિક રૂ.૭૮૦૦ -/ફીકસ પગારથી કરાર આધારીત નિમણુંક અપાશે .તે સિવાય અન્ય કોઇ ભથ્થા કે લાભો મળવા પાત્ર રહેશે નહી .ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી રૂ.૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે-૧૯૦૦) ના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવા પાત્ર થશે.

૩. આ સીધી ભરતીની જાહેરાત અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો પણ અરજી કરી શકશે અને તેઓ સીધી ભરતીના ઉમેદવાર ગણાશે.

૪. તમામ ઉમેદવારોના કિસ્સામાં મહત્તમ વયમર્યાદા (ઉંમર) અને નોન ક્રીમીલીયર સર્ટીફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ એટલે કે તા.૨૦/૫/૨૦૧૬ ની સ્થિતીએ ધ્યાનમાં લેવામાં આવશે.

૫. અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

૬. અનુ. જાતિ, અનુ .જનજાતિ તથા સા.શૈ.પ .વર્ગના ઉમેદવારોને મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

૭. મહત્તમ વયમર્યાદામાં બિનઅનામત વર્ગના મહિલા ઉમેદવારોને પાંચ વર્ષ , જયારે અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત) છુટછાટ આપવામાં આવશે.

૮. મહિલા માટેની અનામત જગ્યાઓ મુજબ મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહી થાય તો આ જગ્યાઓ ઉપર જે તે કેટેગરીના પુરુષ ઉમેદવારોને નિમણુંક આપી શકાશે.

૯. માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉંમરમાંથી બાદ કરતા મળતી ઉંમર ભરતી નિયમોમાં ઠરાવેલ ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધુ હોવી જોઇએ નહી .પરંતુ કોઇ પણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતા વધવી જોઈએ નહી.

૧૦. માજી સૈનિકની અનામત જગ્યાઓ ઉપર પુરતા ઉમેદવારો મળશે નહીં તો તેટલી જગ્યાઓ જનરલ કેટેગરીના ઉમેદવારોને નિમણુંક આપી શકાશે.

૧૧. અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત તરીકે અરજી કરશે તો આવા ઉમેદવારોને અનામતનીતિ અંગેના કોઇ લાભ મળશે નહિ.

૧૨. જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર /સુધારો કરવાનો હક્ક નિગમને અબાધિત રહેશે.

૧૩. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રક ભરતી વખતે દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી (જાતિ) બદલવા /ફેરફાર કરવા કોઇ રજુઆત કરશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

૧૪. ઉમેદવારે પોતાની લાયકાતના પ્રમાણપત્રો મુજબના પોતાના નામ અને અટકમાં ફેરફાર કરેલ હોય તો તે સુધારવા અંગેના સરકારી ગેઝેટની નકલ મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. જયારે મહિલા ઉમેદવારોએ અરજી પત્રકમાં પિતાના નામને બદલે પતિનું નામ દર્શાવેલ હશે તો તે અંગેની એફીડેવીટ અથવા મેરેજ સર્ટીફીકેટ મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે અન્યથા આવા અરજી પત્રકો અમાન્ય ઠેરવવામાં આવશે.

૧૫. સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વય મર્યાદા ,અનુભવની લાયકાત , બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેવા ધારાધોરણો) માં છુટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણત્રીમાં લેવાના રહેશે.

૧૬. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૨/૧૯૯૬ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ-ક મુજબનું સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ નોન ક્રીમીલીયર સર્ટીફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખે માન્ય હોય તેવું રજુ કરવાનું રહેશે. નોન ક્રિમીલીયર સર્ટીફીકેટનો નંબર અને તારીખ ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવવાનો રહેશે .અન્યથા આવા ઉમેદવારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનો લાભ મળવાપાત્ર રહેશે નહિં.

૧૭. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રક જ ભરવાનું રહેશે અને તેની એક પ્રિન્ટ આઉટ મેળવીને પોતાની પાસે સાચવીને રાખવી. જયારે નિગમ ધ્વારા અરજીપત્રક રજુ કરવા જણાવવામાં આવે ત્યારે અચુક લાવવાનું રહેશે.

૧૮. કોઇ પણ અરજીપત્રકો ટપાલ કે રૂબરૂમાં નિગમની કચેરી અથવા NIC સંસ્થાને મોકલવાના રહેશે નહિ. આવા મોકલી આપેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે તેમજ તેની કોઇ પણ જાણ ઉમેદવારને કરવામાં આવશે નહિ.

૧૯. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો કરતા ખોટી એટલે કે, બોગસ/જુદી/અલગ બતાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

૨૦. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો કરતા ખોટી એટલે કે, બોગસ/ જુદી/ અલગ ભરેલ હશે અને તે વિગતો શરતચુકથી ભરેલ હોવાનું જણાવી તે સુધારવા બાબતે પાછળથી કોઇ લેખીત કે મૌખિક રજુઆત કરવામાં આવશે તો તે ગ્રાહય રાખવામાં આવશે નહી અને આવી રજુઆતો બાબતે કોઇ જ કાર્યવાહી કરવામાં આવશે નહી. તેમજ આપો આપ દફતરે કરવામાં આવશે.

૨૧. જો ઉમેદવાર એક કરતા વધારે ટ્રેડની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને દરેકમાં ઉમેદવારી કરવા માંગતા હોય તો તે અંગે અલગ અલગ અરજીપત્રકો ભરવાના રહેશે.

૨૨. ઉમેદવારે એક જ ટ્રેડમાં એકથી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું છેલ્લે ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે ,જે અંગે ઉમેદવાર કોઇ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.

૨૩. ઉમેદવાર નિગમના નિતિનિયમ મુજબ રાજ્ય સરકારશ્રીના સા.વ.વિ.ના ઠરાવ નંબર સી.આર.આર.૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ તા.૧૩/૦૮/૨૦૦૮ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનુ બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનુ તાલીમી સંસ્થાનુ પ્રમાણપત્ર / માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનીવર્સીટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડીપ્લોમા/ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. ઉમેદવારે આવા પ્રમાણપત્રો/ માર્કશીટ પસંદગી પૂર્વે અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાના રહેશે અન્યથા તેમની પસંદગી રદ કરવામાં આવશે.

૨૪. શૈક્ષણિક લાયકાત, વધારાની શૈક્ષણિક લાયકાત વગેરે પાસ કર્યાના પ્રમાણ પત્ર / માર્કશીટ અરજી પત્રક ભર્યા તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.

૨૫. ઉમેદવારની શૈક્ષણિક લાયકાતના છેલ્લા વર્ષનું / છેલ્લા સેમેસ્ટરનું પરિણામ આઇ.ટી.આઇ અથવા પોલીટેકનીક / યુનીવર્સીટી ધ્વારા તેમની માન્ય વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરેલ હોય અને તેને આધારે અરજી પત્રકમાં વિગતો ભરેલ હશે તો આવા ઉમેદવારે વેબસાઇટ ઉપરના પોતાના પરિણામની પ્રિન્ટ આઉટ મેળવીને પ્રમાણિત કરાવી પોતાની પાસે રાખવી. જયારે નિગમ ધ્વારા અરજીપત્રક રજુ કરવા જણાવવામાં આવે ત્યારે અચુક લાવવાનું રહેશે.

૨૬. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં શૈક્ષણિક લાયકાતોમાં મેળવેલ ટકાવારી બે દશાંશ સુધી- (દા.ત. ૫૦.૨૫%) દર્શાવવાની રહેશે. માર્કશીટમાં પર્સન્ટાઇલ કે ગ્રેડ દર્શાવેલ હોય તો તેને ટકાવારીમાં રૂપાંતરીત કરીને દર્શાવવાના રહેશે.

૨૭. ઓનલાઇન અરજીપત્રકમાં શૈક્ષણિક લાયકાતોના પર્સન્ટાઇલ કે ગ્રેડ દર્શાવેલ હશે તો તેવા અરજીપત્રકો અમાન્ય ઠેરવવામાં આવશે.

૨૮. જે શૈક્ષણિક લાયકાતોની માર્કશીટમાં પ્રેકટીકલ સહિતના વિષયોનો સમાવેશ કરવામાં આવેલ હોય તો તેના માર્ક સહિતની ટકાવારી ધ્યાને લેવામાં આવશે.

૨૯. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતો સિવાયની અન્ય કોઇ પણ સમકક્ષ લાયકાતોને આધારે અરજીપત્રક ભરેલ હશે તો તે માન્ય ગણવામાં આવશે નહીં.

૩૦. આ કક્ષા માટે લેવામાં આવનાર હેતુલક્ષી લેખિત પરીક્ષાઓમાં ઉમેદવારની શૈક્ષણિક લાયકાત / વધારાની લાયકાતના વેઇટેજ મુજબના કુલ-૭૦ ગુણમાંથી મેળવેલ ગુણના મેરીટસ પ્રમાણે બોલાવવાપાત્ર હોય તેટલા જ ઉમેદવારોને બોલાવવામાં આવશે.

૩૧. આ કક્ષા માટે ૧૦૦ ગુણની **O.M.R.** પધ્ધતિથી લેખિત પરીક્ષા તેમજ ૫૦ ગુણની કોમ્પ્યુટર કાર્યક્ષમતાની પરીક્ષા લેવામાં આવશે. લેખીત પરીક્ષા અને કોમ્પ્યુટર કાર્યક્ષમતાની પરીક્ષા એમ બંનેમાં મેળવેલ કુલ ગુણના ૩૦% પ્રમાણે વેઇટેજ ગુણ ગણવામાં આવશે.

૩૨. સીધી ભરતીની ભરવાપાત્ર જગ્યાઓ ઉપરાંત નિયમાનુસાર બનાવવામાં આવનાર પ્રતિક્ષાયાદી (વેઇટીંગ લીસ્ટ) પ્રસિધ્ધ થયા તારીખથી એક વર્ષ અથવા આ કક્ષાની ભરતી પ્રક્રીયા માટે હવે પછીની પહેલી જાહેરાત પ્રસિધ્ધ થાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય સુધી, એ બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી જ અમલમાં રહેશે. આ સમય મર્યાદા પુરી થતાં પ્રતિક્ષાયાદી આપો આપ રદ થયેલ ગણાશે.

## <u>અન્ય સૂચનાઓ</u>:

૩૩. અરજીપત્રકમાં જણાવ્યા મુજબની વિગતોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન અસલ પ્રમાણપત્રો જેવા કે, વય, શૈક્ષણિક લાયકાતો, જાતિ કે અન્ય વગેરે બનાવટી / ખોટા / બોગસ જણાશે તો અરજીપત્રક રદ કરવામાં આવશે અને આવા ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

૩૪. ઉમેદવારને કોઇપણ સક્ષમ કોર્ટ ધ્વારા ગુન્હેગાર ઠરાવેલ હોય અથવા તેમની સામે કોઇ પણ પોલીસ ઓથોરીટી અથવા ફોજદારી કોર્ટ સમક્ષ કેસ / ફરીયાદ પડતર હશે તો તેવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહીં. જો આવા ઉમેદવાર ધ્વારા આવી માહિતી છુપાવીને પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

૩૫. ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાં નોકરી કરતા હોય તો તેની સ્પષ્ટ વિગતો અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે . અન્યથા પાછળથી આવી માહિતી માલુમ પડશે તો ઉમેદવાર પસંદ થયેલ હશે તો પણ તેઓની પસંદગી રદ કરવામાં આવશે.

૩૬. અરજી કરનાર ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, સરકારી કે અર્ધ સરકારી સંસ્થા, અન્ય બોર્ડ કે કોર્પોરેશનમાંથી બરતરફ કે રૂખસદ થયેલ હોય તો તેની વિગત ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવવાની રહેશે. જો ઉમેદવારે આવી વિગતો છુપાવેલ હશે અને પાછળથી સાચી વિગત જાણવા મળશે તો તેઓ પસંદગી પામેલ હશે તો પણ તેમની પસંદગી રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

૩૭. ઓનલાઇન અરજીપત્રકમાં જો કોઇ ઉમેદવાર ધ્વારા સાચી વિગતો છુપાવીને ખોટી માહિતી ભરવામાં આવશે તો તેવા ઉમેદવાર સામે પોલીસ ફરીયાદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

૩૮. નિગમ ધ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાપાત્ર થશે.

૩૯. આ જાહેરાત કોઇપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમને સંપુર્ણ હક્ક /અધિકાર રહેશે અને નિગમ આ માટે કારણ આપવા બંધાયેલ નથી.

⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘ ⌘

## અરજી કરવાની રીત :

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ ધ્વારા ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. તમો તા.૨૧/૪/૨૦૧૬ થી તા.૨૦/૫/૨૦૧૬ સુધી (રાત્રિના ૧૧:૫૯ કલાક સુધી) http://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશો. તમોએ (૧) સૌ પ્રથમ http://ojas.gujarat.gov.in પર જવુ હવે (૨) "Apply Online Click" કરવુ. (૩) તમો જે કક્ષા માટેની અરજી કરવા માંગતા હશો તે કક્ષા પર click કરવાથી તે જગ્યાની વિગતો / અન્ય માહિતી મળશે. (૪) તેની નીચે Apply Now પર click કરવાથી Application Form ખુલશે જેમાં સૌ પ્રથમ Personal Details તમોએ ભરવી. **(અહિં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.)** (૫) Personal Details ભરાયા બાદ Minimum Educational Details ભરવા માટે Educational Qualification પર Click કરવું. (૬) વધારાની લાયકાત દર્શાવવા માટે Additional Educational Qualification ઉપર Click કરીને તેની વિગતો ભરવી. જો તમો લઘુતમ / અગ્રતા માટેની વધુ લાયકાતો ધરાવતા હોય તો તમને ફાયદાકારક હોય તેવી દરેકમાં કોઇ પણ એક જ લાયકાત અરજીપત્રકમાં દર્શાવવી. જેમાં પાછળથી કોઇ ફેરફારને અવકાશ રહેશે નહી. (૭) જો તમો કોમ્પ્યુટરની જાણકારી ધરાવતા હોય તો yes select કરવુ. (૮) ફોજદારી કોર્ટે ગુનેગાર ઠરાવેલ હોય તો તેની વિગતો દર્શાવવાની રહેશે. (૯) તેની નીચે Self declaration પર Click કરો ત્યાર બાદ (૧૦) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૧૧) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૨) અરજી કર્યા બાદ તમારો Application Number Generate થશે. જે તમારે સાચવીને રાખવાનો રહેશે. (૧૩) હવે Upload Photograph પર Click કરો. અહી તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો ત્યાર બાદ OK પર Click કરો. અહિં Photo અને Signature Upload કરવાના છે. (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (Photo અને

Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo (10 KB સાઇઝથી વધારે નહિ તે રીતે) અને Signature (10 KB સાઇઝથી વધારે નહિ તે રીતે) jpg format માં computer માં હોવા જોઇએ.) "Browse" button પર click કરો હવે Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને select કરો અને "open" button ને click કરો. હવે તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૪) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને Application number તથા birth date ટાઇપ કર્યા બાદ ok પર ક્લિક કરવાથી ૨ બટન (૧) Show application preview અને (૨) Confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવુ. જો અરજી સુધારવાની જરુર ન જણાય તો confirm application પર click કરો તેથી તમારી અરજીનો નિગમમાં online સ્વીકાર થઇ જશે. **(અરજી CONFIRM કરવી ફરજીયાત છે.)** અહિં **"confirmation number"** generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરુરી હોઇ તમારે સાચવવાનો રહેશે. **(૧૬) હવે print application પર click કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો "confirmation number" type કરીને જન્મ તારીખ નાંખવાથી print બટન મળશે print બટન પર click કરી અરજીની પ્રિન્ટ કાઢી સાચવી રાખવી.**